માટીકામના કારીગરોને પગમીલ અને/અથવા
ઈલેક્ટ્રીક ચાકડો આપવાની યોજના - વર્ષ ૨૦૦૮-૨૦૦૯

ઉધોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંક બજટ-૧૦૨૦૦૮-૧૭૨-ખ.૧
સચિવાલય, ગાંધીનગર
તા : 29 APR 2008

વંચાણે લીધો : (૧) કમિશ્નરશ્રી કુટીર અને ગ્રામોધોગની કચેરીના સીંગલ ફાઇલ સીસ્ટમ હેઠળ મળેલ તારીખ ૫.૧૧.૨૦૦૭ ની દરખાસ્ત

**આમુખ :**

રાજયમાં માટીકામની કામગીરીની વ્યવસાય સાથે સંકળાવેલ કુંભાર જ્ઞાતિ, મુખ્યત્વે ગામડાઓમાં વસે છે અને વર્ષો જુની વંશ પરંપરાગત રીતે માટીના સ્થાનિક જરૂરીયાતના ઘરવપરાશના વાસણો બનાવે છે. વાસણો બનાવવા તૈયાર કરાતી માટી પગથી ગૂંદવાને કારણે હુક વર્મથી એનીમીયા જેવા રોગોથી કારીગરોના સ્વાસ્થય ઉપર અસર થતી હોય છે. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને ઉત્પાદકતા વધારવા અને ઉત્પાદનની ગુણવત્તા સુધારવા માગે રાજય સરકાર ધ્વારા પગમીલ અને /અથવા ઈલેક્ટ્રીક ચાકડો ખરીદી શકે તે માટેની સહાય આપવા બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી.

## ઠરાવ

પુખ્ત વિચારણાના અંતે રાજયના માટીકામ કારીગરોને માટી કામ કરતાં કુટુંબ દીઠ રૂા.૩૫૦૦૦/-(અકે રૂા.પાત્રીસ હજાર પુરા)ની પ્રોજેકટ કોસ્ટની મર્યાદામાં પગમીલ અને/અથવા ઈલેકટીક ચાકડો આપવાની યોજના ૫૦:૫૦ ના ધોરણે મંજુર કરવામાં આવે છે. ૫૦ ટકા રાજય સરકારની સબસીડી અને ૫૦ ટકા લાભાર્થી ફાળો રહેશે. આ યોજના ૧૧મી પંચવર્ષીય યોજના દરમ્યાન અમલી રહેશે. પગમીલ અને/અથવા ઈલેકટ્રીક ચાકડો માંગણી મુજબ **ગ્રીમકો** નિયત ખરીદીની પ્રક્રિયા ધ્વારા ખરીદીને લાભાર્થીઓને વિતરણ કરશે જેના કુલ ખરીદી ખર્ચના ૧૦ ટકા સેવાકીય ખર્ચ ચુકવવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે પાડવાનો રહેશે.

| | |
|---|---|
| માગણી ક્રમાક | ૪૯ જનરલ પ્લાન |
| મુખ્ય સદર | ૨૮૫૧ ગ્રામ અને લઘુ ઉધોગો |
| પેટા સદર | ૧૦૪ હસ્તકલા ઉદ્યોગો |
| ગૌણ સદર | (૯) આઇએનડી-૩૭ ગુજરાત માટીકામ કલાકારીગરી બોર્ડ |
| કો.કોડ નંબર | ૨૮૫૧ ૦૦ ૧૦૪ ૧૪૮ |

આ અંગેનુ ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે. કમિશ્નરશ્રી કુટીર અને ગ્રામોદ્યોગે આ ઠરાવ અન્વયેના અમલીકરણ માટેની જરૂર હોય તેવી તમામ સૂચનાઓ અને શરતો બહાર પાડવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી( ખર્ચ), નાણા વિભાગની તારીખ ૨૫.૩.૨૦૦૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( રીનાબેન વાઘ )
ઉપ સચિવ
ઉધોગ અને ખાણ વિભાગ

પ્રતિ,
કમિશ્નરશ્રી કુટીરઅને ગ્રામોધોગની કચેરી, ઉધોગ ભવન, ગાંધીનગર
ઉધોગ કમિશ્નરશ્રીઉધોગ ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
નાણા શાખા, ઉધોગ અને ખાણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
એમ.ડી. ગ્રીમકો, ઉધોગ ભવન,ગાંધીનગર
નિયામકશ્રી, ગ્રામ ટેકનોલોજી સસ્થા,સેકટર ૧૨, ગાંધીનગર
પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર
નિયામકશ્રી, હિસાબી અને તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
કોમ્પ્યુટર સેલ, ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર- વેબ સાઇટ ઉપર મુકવાની વિનંતી સહ
પસંદગી ફાઇલ